CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ પોષ વદ -૫    બુધવાર, તા.૦૭-૦૧-૨૦૨૬    અંક : ૧૧ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# જેએનયુમાં નારેબાજી કરનારા વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરાશે

## નરેન્દ્ર મોદી અને અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર મામલે યુનિવર્સિટી મેનેજમેન્ટનું આકરું વલણ : વિદ્યાર્થીઓની ઓળખ કરી કાર્યવાહી કરાશે

નવી દિલ્હી

દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી કેમ્પસમાં પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ વિરુદ્ધ નારા લગાવવામાં આવ્યા હતા. જેની બાદ વહીવટીતંત્રએ આ અંગે કડક વલણ અપનાવ્યું છે. જેમાં યુનિવર્સિટી સ્પષ્ટ કર્યું છે કે આ ઘટનામાં સંડોવાયેલા વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે અને તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવશે. તેમજ કેમ્પસમાં કોઈપણ પ્રકારની હિંસા, ગેરકાયદેસર વર્તન અથવા રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં.

જેએનયુ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે યુનિવર્સિટીઓ નવીનતા અને નવા વિચારોનું કેન્દ્ર છે. પરંતુ તેમને નફરતની પ્રયોગશાળા બનવાની મંજૂરી આપી શકાય નહીં. વહીવટીતંત્રો સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે કાયદા અને સંસ્થાકીય શિષ્ટાચારનું ઉલ્લંઘન અસ્વીકાર્ય છે.

આ અંગે જેએનયુએ સ્પષ્ટતા કરી છે કે, પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરનારા વિદ્યાર્થીઓની ઓળખ કરવામાં આવી રહી છે અને નિયમો અનુસાર તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.યુનિવર્સિટી વહીવટીતંત્રે વિદ્યાર્થીઓને શાંતિ અને શિસ્ત જાળવવાની અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં સોમવારે રાત્રે સાબરમતી હોસ્ટેલની બહાર પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ વાંધાજનક અને ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હોવાનો આરોપ છે. આ સંદર્ભમાં એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેએનયુ સુરક્ષા વિભાગે વસંત કુંજ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે.

જેમાં વિદ્યાર્થી સંઘના અધિકારીઓ સહિત અન્ય વિદ્યાર્થીઓ પર સૂત્રોચ્ચાર કરવાનો આરોપ છે. દિલ્હી રમખાણોના કેસમાં આરોપી જેએનયુના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉમર ખાલિદ અને શર્જીલ ઈમામની જામીન અરજી સુપ્રીમ કોર્ટ દ્વારા ફગાવી દીધી હતી. જેની બાદ સોમવારે ૫ જાન્યુઆરીમાં કેમ્પસમાં થયેલી હિંસાની વર્ષગાંઠ પર આક્રોશ વ્યક્ત કરવા માટે વિદ્યાર્થીઓ એકઠા થયા હતા. જેમાં છ વિદ્યાર્થી સંગઠનો એકત્ર થયા હતા. જેની બાદ સમગ્ર વાતાવરણ બદલાયું હતું અને વિરોધી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

# દિલ્હીમાં મસ્જીદ પાસે દબાણ હટાવ કામગીરી દરમિયાન પોલીસ ઉપર ટોળાનો પથ્થરમારો

## તુર્કમાન ગેટ વિસ્તારમાં મધરાતથી દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા લોકો રોષે ભરાયા : પોલીસનો લાઠીચાર્જ

નવી દિલ્હી

દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ પાસેના દબાણવાળા વિસ્તારમાં બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી હતી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનએ બુધવારે વહેલી સવારે દિલ્હીના રામલીલા મેદાન પાસે, તુર્કમાન ગેટ સ્થિત ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ પાસેના દબાણવાળા વિસ્તારમાં દબાણ હટાવવાની ઝુંબેશ ચલાવી હતી. વિસ્તારમાં ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે આશરે ૧૭ બુલડોઝર મંગાવવામાં આવ્યા હતા. દિલ્હી હાઈ કોર્ટના નિર્દેશ બાદ સ્ક્રૂઢ દ્વારા દબાણ સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

દબાણ હટાવવા માટે રાતથી જ બુલડોઝર આવી ગયા હતા. કેટલાક લોકો કામમાં અડચણ પેદા કરશે તેનો અંદાજ હોવાથી તૈયારી સાથે તંત્ર આવ્યું હતું. સ્થાનિકોએ કાર્યવાહીનો વિરોધ કર્યો અને કેટલાક લોકોએ પથ્થરમારો પણ કર્યો હતો. પોલીસે હળવો લાઠીચાર્જ કરીને સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.નવી દિલ્હી: દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ પાસેના દબાણવાળા વિસ્તારમાં બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ફિલિપાઈન્સના પૂર્વીય ભાગમાં ૬.૭ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ

## ઓફશોર ટેમ્બલર ભૂકંપથી મિંદાનાઓ ટાપુ અને સુરિગાઓ ડેલ સુર પ્રાંતના શહેરોમાં અફરાતફરીનો માહોલ

બકુલીન,ફિલિપાઈન્સ

ફિલિપાઈન્સના પૂર્વીય ભાગમાં ૬.૭ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ અનુભવાયો હતો. અમેરિકન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્ર બકુલીન શહેરથી લગભગ ૬૮ કિલોમીટર દૂર પૂર્વમાં દરિયામાં હતું. જમીનથી તેની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર નોંધાઈ હતી, જેના કારણે આંચકા વધુ તીવ્રતાથી અનુભવાયા હતા. આ પ્રકારના દરિયાઈ ભૂકંપને વૈજ્ઞાનિક ભાષામાં 'ઓફશોર ટેમ્બલર' કહેવામાં આવે છે.ભૂકંપના આંચકા અનુભવાતા જ મિંદાનાઓ ટાપુ અને સુરિગાઓ ડેલ સુર પ્રાંતના શહેરોમાં અફરાતફરી મચી ગઈ હતી. હીનાતુઆન શહેરના સ્થાનિક પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આંચકા એટલા તેજ હતા કે લોકો ડરના માર્યા ઘર અને ઓફિસોની બહાર ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા.' જોકે, રાહતની વાત એ છે કે હજુ સુધી કોઈ મોટા જાનમાલના નુકસાન કે જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

# વેનેઝુએલા વિરુદ્ધ અમેરિકાની કાર્યવાહી નાર્કો આતંકવાદ અંગે નહીં પરંતુ તેલ માટે હતી

## વેનેઝુએલાની વચગાળાની સરકાર અમેરિકાને બજાર ભાવે ૩૦ થી ૫૦ મિલિયન બેરલ ઉચ્ચ ગુણવત્તાવાળું તેલ પૂરું પાડશે : આવક ઉપર ટ્રમ્પનું નિયંત્રણ રહેશે

વોશિંગ્ટન

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલામાં અમેરિકાની લશ્કરી કાર્યવાહીને નાર્કો-આતંકવાદ સામેની ઝુંબેશ ગણાવી હતી. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદનોથી સ્પષ્ટ થઈ ગયું છે કે વેનેઝુએલા સામે અમેરિકાની કાર્યવાહી પાછળ તેલ મુખ્ય કારણ હતું. ટ્રમ્પે તેમની સોશિયલ મીડિયા સાઈટ પર જણાવ્યું હતું કે વેનેઝુએલાની વચગાળાની સરકાર અમેરિકાને બજાર ભાવે ૩૦ થી ૫૦ મિલિયન બેરલ ઉચ્ચ ગુણવત્તાવાળું તેલ પૂરું પાડશે.

ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ જાહેરાત મંગળવારે કારાકાસના અધિકારીઓએ જાહેરાત કર્યા પછી આવી છે કે, યુએસ લશ્કરી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૨૪ વેનેઝુએલાના સુરક્ષા અધિકારીઓ માર્યા ગયા છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કર્યું હતું કે તેલ જહાજો દ્વારા પરિવહન કરવામાં આવશે અને સીધા યુએસમાં અનલોડિંગ ડોક પર લાવવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ તરીકે, ભંડોળ પર તેમનો નિયંત્રણ રહેશે, પરંતુ તેનો ઉપયોગ વેનેઝુએલાના અને અમેરિકન લોકોના હિત માટે કરવામાં આવશે.

# ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન ભારતની ત્રણેય ટીમોનું અભિવાદન કરતા નીતા અંબાણી

મુંબઈ, ૬ જાન્યુઆરી

મુંબઇ ખાતે સોમવારે યોજાયેલી દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં નીતા અંબાણીએ સમગ્ર ભારતની પ્રજા તરફથી ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન બનનાર ભારતની ત્રણ ટીમોનું અભિવાદન અને સન્માન કર્યું હતું, જેમાં પ્રજ્ઞાચક્ષુ મહિલા ટીમ અને મેન્સ તેમજ વિમેન્સ ટીમની સમાવેશ થતો હતો.

**કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે**

વિજેતા ખેલાડીઓનું અભિવાદન કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' આપણે નવ વર્ષની શરૂઆત અને ઉજવણી એક ખાસ પ્રસંગથી કરી રહ્યા છીએ. આજે આપણી ત્રણેય વિશ્વ વિજેતા ક્રિકેટ ટીમ આ વિશેષ સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત છે જેમાં મેન્સ, વિમેન્સ અને પ્રજ્ઞાચક્ષુ વિમેન્સ ટીમનો સમાવેશ થાય છે. દરેક ભારતીય તરફથી આ તમામ ચેમ્પિયન્સનું સ્વાગત અને સન્માન કરતાં અત્યંત ગર્વની લાગણી થાય છે જે ખેલાડીઓએ આપણને વિજયની અદ્ભુત ક્ષણોનો સાક્ષાત્કાર કરાવીને ખુશી અને આનંદના આહ્લાદથી સજાવી દીધા છે.

રમતજગત તેની સાથે જોડાયેલી પ્રજા સંવેદના અને હૃદયના તાર વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' સ્પોર્ટ્સ એક સંસ્કાર છે જે ભારત દેશ અને એક એક ભારતીયના હૃદયને જોડે છે જેની અસર અત્યંત પરિવર્તનકારી હોય છે. આજે આપણે આજના સુંદર પ્રસંગે આ વિજેતાઓને આવકારીને વિજયની ઉજવણીને ક્ષણોને માણીએ ત્યારે અત્યંત ઉચ્ચ અનુભૂતિ થાય છે. '



જબરજસ્ત જુસ્સો, સમર્પણ, દેશદાઝ અને અપ્રતિમ, અડગ મનોબળના પર્યાયસમી આ ઐતિહાસિક તસવીરમાં મુંબઈ ખાતે દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં નીતા અંબાણી સાથે ભારતની ત્રણ અલગ અલગ ક્રિકેટ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના કેપ્ટન, જેમાં પ્રજ્ઞાચક્ષુ ટીમની કેપ્ટન દીપિકા ટીસી, રોહિત શર્મા અને હરમનપ્રિત કૌર આંખોમાં આંજેલા આગામી સુવર્ણયુગના સપના સાથે એક અદ્ભુત સંદેશો ભારતની પ્રજાને આપી રહ્યા છે.

કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે.

**આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગૅસ, ગંગા કદમ ઉપરાંત મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક લિજેન્ડ્સ મુરલીકાંત પેટકર, દીપા મલિક, દેવેન્દ્ર ઝાઝારિયા, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા**

આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગૅસ, ગંગા કદમ ઉપરાંત મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક લિજેન્ડ્સ મુરલીકાંત પેટકર, દીપા મલિક, દેવેન્દ્ર ઝાઝારિયા, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ એ રમતજગત ક્ષેત્રે શ્રેષ્ઠતા, એકતા અને મૂલ્યોના જતન અને સંવર્ધન માટેનું નીતા અંબાણીનું વિઝન અને મિશન છે.







અત્યંત ભાવસભર અભિવ્યક્તિ સાથે જ્યારે જીવનમાં સામા પાણીએ તરીને પણ કુદરત સાથે તાલ મિલાવતી પ્રબળ ઈચ્છાશક્તિ અને વિજયી મુદ્રા અને મિજાજનો જ્યારે સંગમ સર્જાય ત્યારે એ અદ્ભુત દ્રશ્યોની નાની ઝાંખી પણ ઓછા શબ્દો સાથે એક નવલકથા બની જાય છે. ભારતીય પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની વિજેતા ટીમ, આઇસીસી વર્લ્ડ ટી ટ્વેન્ટી ચેમ્પિયન ભારતીય ટીમની કેટલીક ખેલાડીઓ અને આઈસીસી વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ટીમ સાથે નીતા અંબાણી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર અને આઈસીસી ચેરમેન શ્રી જય શાહની આ તસ્વીર મુંબઈમાં યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં આ ત્રિવેણી મૂડ અને જુસ્સાની ગવાહી આપે છે.

CMYK